# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કર્ણાટક ખાતેથી ત્રણ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

2) પ્રધાનમંત્રી 15 હજાર 610 કરોડ રૂપિયાના બેંગલુરુ મેટ્રો પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનો શિલાન્યાસ કરશે.

3) ચૂંટણી પંચે 334 નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને યાદીમાંથી દૂર કર્યા.

4) ભારતે 15 ઓગસ્ટે અલાસ્કામાં યોજાનારી અમેરિકા અને રશિયા વચ્ચેની બેઠકનું સ્વાગત કર્યું.

5) આજે વિશ્વ સિંહ દિવસ – ગુજરાતના દેવભૂમિ દ્વારકા ખાતે રાજ્યકક્ષાના 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરાશે.

6) ભારતીય મહિલા ટીમે બિહારના રાજગીર ખાતે રમાઈ રહેલી અંડર-20 એશિયા રગ્બી ચેમ્પિયનશિપની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM – KARNATAKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કર્ણાટકના એક દિવસના પ્રવાસે છે. શ્રી મોદી બેંગલુરુના KSR રેલ્વે સ્ટેશન ખાતેથી ત્રણ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે. જેમાં બેંગલુરુથી બેલગાવી, અમૃતસરથી શ્રી માતા વૈષ્ણોદેવી કટરા અને નાગપુર (અજની) થી પુણે સુધીની ટ્રેનોનો સમાવેશ થાય છે.

ત્યારબાદ પ્રધાનમંત્રી બેંગલુરુ મેટ્રોની યલો લાઇનને લીલી ઝંડી આપશે. શ્રી મોદી આર.વી. રોડ, રાગીગુડ્ડાથી ઇલેક્ટ્રોનિક સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી પણ કરશે. બેંગલુરુમાં શહેરી કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા પછી તેઓ એક જાહેરસભાને પણ સંબોધિત કરશે. આ દરમિયાન શ્રી મોદી 15 હજાર 610 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બેંગલુરુ મેટ્રો પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનો શિલાન્યાસ કરશે. પ્રોજેક્ટની કુલ લંબાઈ 44 કિમીથી વધુ હશે અને તેમાં 31 એલિવેટેડ સ્ટેશન હશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.....

**(બાઇટ – સુધેનદ્રા)**

# REV PM - KASHMIR FREIGHT TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાશ્મીર ખીણમાં પ્રથમ માલગાડી પહોંચવા અંગે ખુશી વ્યક્ત કરી છે. આ પ્રદેશને રાષ્ટ્રીય માલગાડી નેટવર્ક સાથે જોડવામાં આ એક મહત્વપૂર્ણ  ઉપલબ્ધિ છે.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવની સોશિયલ મીડિયા પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં વાણિજ્ય અને સંપર્ક માટે આ એક મોટો દિવસ છે. તેમણે કહ્યું કે વિકાસ પ્રગતિ અને સમૃદ્ધિ તરફ દોરી જશે.

શ્રી વૈષ્ણવે પોતાની પોસ્ટમાં કહ્યું હતું કે પહેલી માલગાડી પંજાબથી કાશ્મીર ખીણના અનંતનાગ પહોંચી છે. તેમણે કહ્યું હતું કે રેલ નેટવર્ક દ્વારા પરિવહન કાશ્મીર ખીણમાં રહેતા લોકો માટે માલસામાનના ભાવ ઘટાડશે.

પોતાની પહેલી સફરમાં આ ટ્રેન 18 કલાકથી ઓછા સમયમાં લગભગ છસો કિલોમીટરનું અંતર કાપ્યું અને સિમેન્ટથી ભરેલા 21 વેગન ખીણમાં પહોંચાડ્યા. આ સિદ્ધિ સાથે, કાશ્મીર ખીણ હવે ભારતીય રેલ્વેના માલગાડી કોરિડોરમાં જોડાઈ ગઈ છે. આનાથી માલસામાનની અવિરત અવરજવર સુનિશ્ચિત થઈ છે. શ્રીનગર-જમ્મુ હાઇવે પર માલસામાનની અવરજવરમાં અનિશ્ચિતતા દૂર થવાથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે. ભૂસ્ખલન, ભૂસ્ખલન અને રસ્તા પર પડેલા ખાડાઓને કારણે માલસામાનની અવરજવર ઘણીવાર પ્રભાવિત થતી હતી. માલગાડીઓ શરૂ થવાથી ખીણમાં આખા વર્ષ દરમિયાન માલસામાનની અવિરત અવરજવર સુનિશ્ચિત થશે અને પ્રદેશના બાગાયતી ઉત્પાદનો, ખાસ કરીને સફરજન, દેશભરના બજારોમાં સરળતાથી પહોંચી શકશે.

# EC -RUPP

ચૂંટણી પંચે 334 નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને યાદીમાંથી કાઢી નાખ્યા છે. ચૂંટણીપંચની યાદીમાં જણાવ્યા મુજબ આ રાજકીય પક્ષો વર્ષ 2019થી છ વર્ષ સુધી એક પણ ચૂંટણી લડવાની આવશ્યક શરત પૂરી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી તેમને ચૂંટણીપંચની યાદીમાથી દૂર કરાયા છે.

આ પક્ષોના કાર્યાલયો પણ જાણી શકાયા નથી. ઉલ્લેખનીય છે કે દેશના રાષ્ટ્રીય રાજકીય પક્ષો, સ્થાનિક રાજકીય પક્ષો અને નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો લોક પ્રતિનિધિત્વ અધિનિયમની જોગવાઈઓ હેઠળ ચૂંટણી પંચની યાદીમાં નોંધવામાં આવે છે.

# ED - VADRA

દિલ્હીની ખાસ PMLA અદાલતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ EDની ફરિયાદની નોંધ લેતા ગુરુગ્રામમાં વિવાદાસ્પદ જમીન સોદાના સંદર્ભમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાને નોટિસ જારી કરી 28 ઓગસ્ટે જવાબ માંગ્યો છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ખાસ અદાલતને જણાવ્યું છે કે વાડ્રાને મની લોન્ડરિંગ કેસમાં 58 કરોડ રૂપિયા મળ્યા છે. વાડ્રા અને અન્યો સામેની ચાર્જશીટમાં ED એ કહ્યું છે કે 53 કરોડ રૂપિયા સ્કાયલાઇટ હોસ્પિટાલિટી દ્વારા અને 5 કરોડ રૂપિયા બ્લુ બ્રિઝ ટ્રેડિંગ દ્વારા મોકલવામાં આવ્યા હતા. ED એ તેની ફરિયાદમાં કહ્યું છે કે વાડ્રાએ આ પૈસાનો ઉપયોગ તેમની વિવિધ ગ્રુપ કંપનીઓના રિયલ એસ્ટેટ ખરીદવા, રોકાણ કરવા, લોન લેવા અને

જવાબદારીઓ ચૂકવવા માટે કર્યો હતો. ED એ કોર્ટને જણાવ્યું હતું કે તેની તપાસમાં કુલ 38 કરોડ 69 લાખ રૂપિયાની 43 સ્થાવર મિલકતોની કામચલાઉ જપ્તી કરવામાં આવી છે.

ED એ PMLA ની કલમ 4 હેઠળ આરોપીઓ માટે મહત્તમ સાત વર્ષની જેલ અને મિલકત જપ્ત કરવાની માંગ કરી છે. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે ગુનાની સીધી આવક તરીકે ઓળખાયેલી મિલકતોમાં રાજસ્થાનના બિકાનેરમાં જમીન, ગુરુગ્રામના ગુડ અર્થ સિટી સેન્ટરમાં એકમો, મોહાલીના બેસ્ટેક બિઝનેસ ટાવરમાં એકમો અને અમદાવાદના જય અંબે ટાઉનશીપમાં રહેણાંક એકમોનો સમાવેશ થાય છે.

# INDIA-US RUSSIA

ભારતે 15 ઓગસ્ટે અલાસ્કામાં યોજાનારી અમેરિકા અને રશિયા વચ્ચેની બેઠકનું સ્વાગત કર્યું છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ બેઠક રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા અને શાંતિ સ્થાપિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી મોદીએ ઘણી વાર કહ્યું છે કે આ યુદ્ધનો યુગ નથી તેથી ભારત બંને દેશો વચ્ચેની બેઠક અને શાંતિ પ્રયાસોને સમર્થન આપે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# EUROPEAN LEADERS-UKRAINE

**યુરોપિયન દેશોના ઘણા નેતાઓએ એક નિવેદનમાં કહ્યું છે કે યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે એક એવો અભિગમ જરૂરી છે જેમાં સક્રિય રાજદ્વારી, યુક્રેનને સમર્થન અને રશિયા પર દબાણનો સમાવેશ થાય છે. આ નિવેદન પર હસ્તાક્ષર કરનારા યુરોપિયન નેતાઓમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન, ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ, પોલેન્ડના ડોનાલ્ડ ટસ્ક, બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટારમર, ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ અને યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનનો સમાવેશ થાય છે.**

નિવેદનમાં જણાવ્યું છે કે તેઓ યુક્રેનમાં હત્યાકાંડ રોકવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયાસોનું સ્વાગત કરે છે. યુરોપિયન નેતાઓના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેઓ રાજદ્વારી તેમજ લશ્કરી અને આર્થિક સહયોગ દ્વારા યુક્રેનને મદદ કરવા તૈયાર છે.

## GUJ-WORLD LION DAY

આજે વિશ્વ સિંહ દિવસ છે. ગુજરાત એશિયાઈ સિંહોના સંરક્ષણમાં એક મહત્વપૂર્ણ સ્થળ તરીકે જાણીતું છે. પોરબંદર નજીક આવેલું બરડા વન્યજીવન અભયારણ્ય સિંહોના ઇકોલોજી અને વિકાસ તરફ પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતમાં 2025 માં કરવામાં આવેલી સિંહ ગણતરીમાં જાણવા મળ્યું છે કે રાજ્યમાં 891 સિંહ છે અને બરડા અભયારણ્ય સિંહોના સંરક્ષણમાં ગીર અભયારણ્ય કરતાં આગળ છે. વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ ..

### (બાઇટ – અપર્ણા ખૂંટ)

દરમ્યાન આજે ગુજરાતમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ટીંબડી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરાશે..

આ રાજ્ય કક્ષાની ઉજવણીમાં કેન્દ્રીય વન-પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ ઉપસ્થિત રહેશે. ઉપરાંત રાજ્યના જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ એમ 11 જિલ્લાઓમાં પણ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરાશે.

# BIHAR-ASIA-RUGBY-SEMI-FINALS

ભારતીય મહિલા ટીમે બિહારના રાજગીર ખાતે રમાઈ રહેલી અંડર-20 એશિયા રગ્બી ચેમ્પિયનશિપની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. પહેલી મેચમાં કઝાકિસ્તાનને હરાવ્યા બાદ ભારતીય ટીમે બીજા મુકાબલામાં સંયુક્ત આરબ અમીરાત-યુએઈની ટીમને હરાવી હતી. આ મેચમાં કપ્તાન ભૂમિકા શુકલાએ બે, જ્યારે ઉપકપ્તાન તનુશ્રી ભોસલેએ એક ગોલ કર્યો હતો.

બીજી તરફ સુમિત કુમાર રાયની આગેવાની હેઠળની પુરુષ ટીમ પાંચમુ સ્થાન મેળવવા કઝાકિસ્તાન સામે રમશે.

# DELHI-RAIN-DEATH

રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીમાં ગઈકાલે ભારે વરસાદને કારણે જૈતપુર નજીક એક દિવાલ ધરાશાયી થતાં બે બાળકો અને એક મહિલા સહિત સાતના મોત થયા છે. મૃતકોમાં ઘણા સ્થળાંતરિત કામદારો હતા.

ઘટનાની જાણ થતાં દિલ્હી પોલીસ, ફાયર વિભાગ અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને ફસાયેલા લોકોને ધરાશાયી થયેલા માળખા નીચેથી બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે એઈમ્સ અને સફદરજંગ હોસ્પીટલમાં ખસેડાયા હતા.

# TN-ACCIDENT

તમિલનાડુના તિરુચીમાં ડ્રાઈવરે મીની બસ પરથી કાબુ ગુમાવતા સર્જાયેલા અકસ્માતમાં ત્રણના મોત અને સાત ઈજાગ્રસ્ત થયા છે. ઇજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. જેમાં ત્રણની હાલત ગંભીર છે.

મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને મૃતકોના પરિવારજનો માટે ત્રણ લાખ, ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલાને એક લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તો માટે 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી સપ્તાહે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં મુશળધાર વરસાદની આગાહી કરી છે. વિભાગે આગામી 6-7 દિવસમાં હિમાલયની તળેટી, પશ્ચિમ બંગાળ, આસામ, સિક્કિમ, બિહાર, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં પણ આવી જ સ્થિતિની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પંજાબ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં ભારે વરસાદની આગાહી છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ

- આજના મોટાભાગના અખબારોએ પાકિસ્તાનના છ વિમાન તોડી પડાયા - એર ચીફ માર્શલ ના નિવેદન સાથેના સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે પાકના છ વિમાન તોડી પડાયા એર ચીફ માર્શલ
- દિવ્ય ભાસ્કરનુ મુખ્ય શીર્ષક છે ભારતે પાકના પાંચ જેટ અને એક અવાક્સ વિમાન તોડી પાડ્યા
- રાજસ્થાન પત્રિકા લખે છે ઓપરેશન સિંદૂરમે વાયુ સેનાને માર ગિરાએ થે પાકિસ્તાન કે છહ વિમાન
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે ભારતે ખતમ કર્યા હતા પાંચ પાકિસ્તાની ફાઈટર જેટ
- ગુજરાત સમાચાર એ - અમેરિકામાં બેફામ ભાવ વધારો; મોંઘવારીએ માંઝા મૂકી આ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના નિવાસસ્થાને શાળાની બાળકીઓ સાથે રક્ષાબંધનના તહેવારની કરેલી ઉજવણીના સમાચાર વિવિધ અખબારોએ તસવીરો સાથે પહેલા પાને લીધા છે